## મોરા ગામમાં 15 વર્ષીય કિશોરીએ ફાંસો ખાધો

સુરત:બિહારના બેગુસરાઈ જિલ્લામાં રહેતા પરશુરામ મંડલ મજૂરી કામ કરે છે. તેની પત્ની સંગીતાકુમારી ઇચ્છાપોર મોરાગામમાં માયાવંશી મહોલ્લોમાં આવેલી મહેશભાઈ સુરતીની ચાલમાં રહે છે અને ભંગાર વીણીને ત્રણ સંતાનનું ગુજરાન ચલાવે છે. મંગળવારે તેની 15 વર્ષીય પુત્રી વર્ષાકુમારી ઘરે તેના નાના ભાઈ-બહેનની સાથે હતી. દરમિયાન વર્ષાકુમારીએ રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વર્ષાકુમારીએ કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. વધુ તપાસ ઈચ્છાપોર પોલીસ કરી રહી છે.

## કોસાડમાં તાડી પીધા બાદ યુવકનું મોત

સુરતઃ કોસાડ આવાસમાં રહેતા 23 વર્ષીય ઈબ્રહીમશા યુસુફશા શાહ મંગળવારે રાત્રે ઈબ્રહીમશા ઘરે ભાઈની દવા લેવા જવાનું કહી અમરોલી કોસાડ રોડ ડી-માર્ટની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં તાડી પીવા જતો રહ્યો હતો. ત્યાં તાડી પીધા બાદ થોડાક સમય જ ઈબ્રહીમશા બેભાન થઈ ઢળી પડ્યો હતો. રાહદારીએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જ્યાં ફરજ પરના ઇએમટીએ તેને મૃત જાહેર કર્યો હતો. વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

## ઉપાડ સામેના ચેક રિટર્નના કેસમાં એક વર્ષની સજા

સુરતઃ સલાબતપુરામાં શગુન ક્રિએશનના નામથી રેડીમેડ ડ્રેસ મટીરિયલ્સનો વેપાર કરતાં જયકિશન ચંદ્રકુમાર દરયાનીને ત્યાં સેલ્સમેન તરીકે નોકરી કરતો ધ્રુજેનકુમાર રમેશભાઈ નાથાણીએ અંગત કામ અર્થે એક લાખ એડવાન્સ સેલેરી પેટે લીધા હતા. જેમાં આપેલો ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે વકીલ હેમાંશુ યુ. મહેતા તથા જીગર આર. રાજપૂતે દલીલો કરી હતી. સાતમાં એડિ. ચીફ જ્યુડિ. મેજિ. જજ પી. એસ. સિન્ધીએ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને રૂ.૧,૦૦,૦૦૦ દિન-૬માં વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. આરોપી કોર્ટમાં હાજર નહીં રહેતાં કોર્ટે આરોપી વિરુદ્ધ વોરંટ ઈસ્યુ કર્યો હતો.

## હીરા પોલિશના બહાને વેપારી સાથે 56.92 લાખની ઠગાઈ

સુરતઃ કતારગામ વસ્તાદેવડી રોડ પર આવેલી સાગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 'શ્રી મારુતિ જેમ્સ' નામે હીરાનું ખાતું ધરાવતા અરવિંદભાઈ ભીખાભાઈ મોણપરા (ઉ.વ.૪૭, રહે., સ્વર્ગ રેસિડેન્સી, કતારગામ) વરાછા એલ.એચ. રોડ પર આવેલી શ્રીજીનગર સોસાયટીમાં રહેતો જતીન ઘનશ્યામભાઈ માણીયા અરવિંદભાઈના પરિચયમાં હતો. જતીન માણીયાએ વેપારી પાસેથી અલગ-અલગ સાઈઝના રૂ.૫૬,૯૨,૫૧૩ ના કુલ ૨૧૪.૪૮ કેરેટ નેચરલ રફ હીરા જોબવર્ક (પોલિશિંગ) માટે મેળવ્યા હતા. જો કે નિયત સમય પછી પણ તેને હીરા પરત કર્યા ન હતા. અરવિંદભાઈએ ફરિયાદ આપતા કતારગામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હાઈકોર્ટના જસ્ટિસ, સુરત જિલ્લા મુખ્ય ન્યાયાધીશ, બાર એસો. સહિતનાની સતત બેઠકોને આખરે સફળતા

# નવી કોર્ટ બિલ્ડિંગ મગદલ્લામાં બનશે

### સુરત કલેક્ટરે મગદલ્લા-રૂંઢની ટીપી સ્કીમ નં.4, ફા.પ્લોટ નં.55ની 77951 ચો.મી. જગ્યાની ફાળવણી કરવાનો આદેશ કર્યો

સુરતઃ ૧લી એપ્રિલે સામાન્ય રીતે લોકો એકબીજાને એપ્રિલફુલ બનાવતા હોય છે ત્યારે ગુજરાત સરકારે સુરતના વકીલોને ખુશ કરી દીધા છે. હવે મગદલ્લા ખાતે સુરતના વકીલો ઠરીઠામ થશે. રાજ્યનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મગદલ્લા ખાતે કોર્ટ બિલ્ડિંગ માટે જમીન ફાળવવા લીલીઝંડી આપી દીધી છે. જેને પગલે આજે સુરત કલેકટર ડો. સૌરભ પારધીએ મગદલ્લા-રૂંઢની ટીપી સ્કીમ નં.4માં ફા. પ્લોટ નં.55ની ૭૭૯૫૧ ચો.મી.ના ક્ષેત્રફળવાળી જગ્યાને જિલ્લા ન્યાયાલયના કોર્ટ બિલ્ડીંગના બાંધકામમાટે ફાળવી આપવાનો નિર્ણય કર્યો છે.

ગત તા. તા.૨૪/૦૧/૨૦૨૬ ના રોજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કમિટી, ગુજરાત હાઈકોર્ટ દ્વારા સુરત જિલ્લા વકીલ મંડળ તથા સુરત સિટી એડવોકેટ એસોશીયેશનના હોદેદારો સાથે એક મિટિંગ કરવામાં આવી હતી. જેમાં મગદલ્લા ખાતે આવેલ સર્વે/ બ્લોક નંબર ૨-૧/ એફ.પી.નં.૫૫, ૪૪ વાળી વૈકલ્પિક સરકારી જમીન અનુકુળ અને ઉચિત હોઈ નવા સુરત કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે પસંદગી કરવામાં આવી હતી.

ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટના ત્રણ ન્યાયમુર્તિ દ્વારા તા.૨૧-૦૨-૨૦૨૬ ના રોજ સુરત મુકામે રૂબરૂમાં મગદલ્લા ખાતે સુચવવામાં આવેલી સરકારી જમીનનું નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. અને આ જમીન જિલ્લા ન્યાયાલય, સુરતના નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે ફાળવણી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા કલેકટરને વહીવટી હુકમ કરવા જણાવાયું હતું.

### હર્ષ સંઘવીએ વકીલોને આપેલી ખાતરી પૂરી કરી

બીસીજીના મતદાન સંપન્ન વખતે જ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા, સિનિયર વકીલોની ઉપસ્થિતિમાં ટુંક સમયમાં મુખ્ય માંગ અંગે નિણર્ય લેવા માટે ખાતરી આપી હતી અને એ ખાતરી આજે પુરી કરી હતી.

### નવી કોર્ટના બાંધકામ માટે રૂ.૧૮૧.૧૧ કરોડની ફાળવણી

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મગદલ્લા ખાતેની જમીન ફાળવણી કરવાનાં નિણર્ય સાથે બાંધકામ માટેની ગ્રાન્ટ પણ ફાળવી દીધી. તા.૨૭/૦૩/૨૬ ના કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ-૧, સુરતે કલેકટરને પત્ર પાઠવી જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં નવી જિલ્લા કોર્ટના બાંધકામ માટે રૂ.૧૮૧,૧૧,૦૦,૦૦૦ ની વહીવટી મંજુરી પ્રદાન કરવામાં આવી છે.

### ગત તા. ૨૫મીએ મગદલ્લાની જમીન પર નવી જિલ્લા ન્યાયાલય, સુરતની મહોર લાગી

ગત તા.૨૫/૦૩/૨૬ ના રોજ ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કમિટી, ગુજરાત હાઈકોર્ટના મેમ્બર્સ; સેક્રેટરી કાયદા વિભાગ, સેક્રેટરી માર્ગ અને મકાન વિભાગ, ચીફ આર્કિટેક્ટ, ગાંધીનગરની હાજરીમાં તથા વિડીયો કોન્ફરન્સથી મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ, સુરત કલેક્ટર, કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.મ.) વિભાગ-૧, સુરત અને અન્ય અધિકારીની હાજરમાં નવી જિલ્લા ન્યાયાલય, સુરતનું બાંધકામ મગદલ્લા ખાતે કરવા માટે મહોર મારવામાં આવી હતી.

સામાન્ય માણસનાં વાહનોને તરત ઊંચકી લેતી પોલીસ ભાજપ કાર્યકરો સામે મૂકપ્રેક્ષક

# દાવેદારોએ ભાજપ કાર્યાલય બહાર આડેધડ પાર્કિંગ કરી દેતા લોકો હેરાન

### જાહેર રસ્તા અને સાઈકલ ટ્રેક પર વાહનોનો ખડકલો છતાં એકપણ ગાડીને પોલીસે લોક માર્યુ નહીં



સુરતઃ સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે ભાજપના દાવેદારો સાંભળવાની પ્રક્રિયા આજથી પ્રદેશ નિરીક્ષકોની હાજરીમાં ભાજપ કાર્યાલય ખાતે શરૂ કરવામાં આવી છે. ત્રણ દિવસ ચાલનારી આ પ્રક્રિયાના પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં ઉમટી પડેલા કોર્પોરેટર બનવા માટે થનગનતા દાવેદારો અને કાર્યકરોએ ભાજપ કાર્યાલય બહારના મુખ્ય જાહેર રસ્તા અને ખાસ કરીને સાયકલ ટ્રેક પર પોતાની લક્ઝરી કાર સહિતના વાહનો આડેધડ પાર્ક કરી દેતા સામાન્ય વાહનચાલકો અને રાહદારીઓ ભારે હેરાન થયા હતા. ગમે તેમ પાર્ક થયેલા વાહનો મુદ્દે નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે, સામાન્ય વ્યક્તિ હોસ્પિટલ કે અન્ય કામ માટે માત્ર પાંચ-દસ મિનિટ રોડના ખૂણે વાહન ઉભું રાખે તો ટ્રાફિક પોલીસ તાત્કાલિક ગાડી લોક કરી દે છે અથવા ટુ-વ્હીલર ઊંચકી જાય છે. સામાન્ય જનતા પાસે આકરો દંડ વસૂલતી પોલીસ આખો દિવસ ભાજપ કાર્યાલય બહાર નિયમોનો ભંગ થતો હોવા છતાં મૂકપ્રેક્ષક બની રહી હતી. લોકોમાં એવી ચર્ચા જાગી હતી કે, શું ટ્રાફિકના નિયમો માત્ર સામાન્ય પ્રજા માટે જ છે?

### આપમાંથી વિધાનસભા લડેલા ધાર્મિક માલવીયાએ વોર્ડ નં.2, અલ્પેશ કથીરિયાની પત્નીએ વોર્ડ નં.3માંથી ટિકિટ માંગી

વર્ષ 2015ની ચુંટણીમાં અનામતની માંગ સાથે ભાજપ સરકાર સામે પડેલા પાસના નેતાઓએ કોંગ્રેસને ટેકો આપતા પાટીદાર વિસ્તારોમાંથી ભાજપનો સફાયો થયો હતો. ત્યારબાદ 2021ની મનપાની ચુંટણીમાં પાસનો ઝુકાવ આમ આદમી પાર્ટી તરફ રહેતા કોંગ્રેસ અને ભાજપ બંનેનો સફાયો થયો અને આપના 27 નગર સેવકો ચુંટાઇ આવ્યા હતા. આ આંદોલનના મુખ્ય ચહેરા અને 2022ની વિધાનસભાની ચુંટણીમાં વરાછા બેઠક પરથી ચુંટણી લડેલા અલ્પેશ કથિરીયા હવે ભાજપમાં છે. તેની પત્નિ કાવ્યા કથિરીયા (લુણાગરીયા) પહેલેથી જ ભાજપમાં છે. કાવ્યા અગાઉ કનકપુર-કનસાડ નગરપાલિકાના માજી ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. કાવ્યાએ વોર્ડ નં.3માંથી દાવેદારી કરી છે. જયારે ઓલપાડ બેઠક પર આપમાંથી ચુંટણી લડેલા અને આપના કોર્પોરેટર મોનાલી હિરપરાના પતિ ધાર્મિક માલવીયાએ વોર્ડ-2માંથી ટિકિટ માંગી છે.

### 'સરલ એપ' પર રજિસ્ટ્રેશન ફરજિયાત

ભાજપે ટેકનોલોજીનો ઉપયોગ વધારતા ફોર્મમાં સ્પષ્ટ લખ્યું છે કે, તમામ વિગતો SARAL APP માં પણ અવશ્ય ભરવાની રહેશે. ઉમેદવારે પોતાની વિશેષ રૂચિ (વક્તા, વાંચન, રમતગમત કે સમાજસેવા) વિશે પણ જણાવવાનું રહેશે. આ ફોર્મ ભરીને પ્રદેશ નિરીક્ષકોને સોંપવાનું રહેશે, જેના આધારે પક્ષ આગામી સમયમાં ટિકિટ ફાળવણીનો આખરી નિર્ણય લેશે. આ કવાયત પરથી સ્પષ્ટ થાય છે કે ભાજપ આ વખતે યુવા, શિક્ષિત અને સોશિયલ મીડિયા પર સક્રિય હોય તેવા ચહેરાઓને મેદાનમાં ઉતારવાની તૈયારીમાં છે.

# વિદ્યાભારતી સ્કૂલમાં શિક્ષકે વિદ્યાર્થીને વાળ ખેંચી તમાચો માર્યાનો આક્ષેપ



### DEO દ્વારા CCTV અને વિદ્યાર્થીઓના નિવેદન લઈ તપાસ હાથ ધરવામાં આવી

સુરત : ભટાર વિસ્તારમાં આવેલી વિદ્યાભારતી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ધોરણ ૯ના વિદ્યાર્થીને વાળ ખેંચી તમાચો માર્યાનો વાલી દ્વારા શિક્ષક પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે, તો બીજી તરફ શાળા પ્રબંધન આ ઘટનાને નકારી રહ્યું છે, જેના કારણે મામલો વધુ ગંભીર બન્યો છે.

વાલી દ્વારા જણાવ્યા મુજબ, વિદ્યાર્થીની નોટબુક અધૂરી હોવાને કારણે તેને ક્લાસમાં પાછળ બેસાડવામાં આવ્યો હતો. તે દરમિયાન અન્ય વિદ્યાર્થીની વાત પર હસવા બદલ શિક્ષકે ગુસ્સે થઈ વિદ્યાર્થીના વાળ ખેંચી તમાચો માર્યો હતો. આ ઘટનાને લઈને વાલીએ શાળાના આચાર્યને રજૂઆત કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં તેમણે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં મૌખિક ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, શાળાના આચાર્યએ આક્ષેપોને નકારી કાઢતા જણાવ્યું કે ધોરણ ૯ના તમામ વર્ગોમાં જઈ વિદ્યાર્થીઓની પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ કોઈ પણ વિદ્યાર્થીએ આવી ઘટના બની હોવાનું સ્વીકાર્યું નથી. આ વિરોધાભાસી દાવાઓ વચ્ચે જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમારે મામલાને ગંભીરતાથી લઈને શાળાની તપાસના આદેશ આપ્યા છે. શાળામાં લગાવવામાં આવેલા સીસીટીવી ફૂટેજ એક સપ્તાહ માટે મંગાવવામાં આવ્યા છે અને વિદ્યાર્થીઓના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે. તપાસ પૂર્ણ થયા બાદ જો શિક્ષક દોષિત સાબિત થશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી છે.




## સચિનના સાડીના વેપારીઓ સાથે ૧૩.૭૩ લાખની ઠગાઈ

સુરતઃ સચિન શિવશક્તિ સોસાયટીમાં રહેતા અને હોજીવાલા એસ્ટેટમાં 'ફેબ્રિક પોલીપ્લાસ્ટ' નામે પેઢી ચલાવતા ધર્મેશભાઈ મનસુખભાઈ રીબડિયા (ઉં.વ.૩૪) ની વરાછા યોગીચોક વિસ્તારમાં રહેતા કાપડ દલાલ બટુકભાઈ રાબડિયાએ ધર્મેશભાઈની મુલાકાત મુંબઈના 'સરસ્વતી એન્ટરપ્રાઈઝ'ના પ્રોપરાઈટર ગોપાલ દિનેશભાઈ રાયચુરા સાથે કરાવી હતી. 2025માં આરોપી ગોપાલ રાયચુરાએ ધર્મેશભાઈ પાસેથી ૭.૧૭ લાખની ૯૦૦ નંગ સાડી, મિત્ર કેલ્વીનભાઈ જાગાણી પાસેથી ૬.૫૫ લાખની ૯૫૦ નંગ સાડી મળી કુલ રૂ.૧૩,૭૩,૨૪૭નો માલ ઉધારમાં મેળવ્યો હતો. જે બાદ પેમેન્ટ નહીં આપતા ઉઘરાણી કરતાં ગોપાલ અને દલાલ બટુકભાઈએ પોતાના મોબાઈલ નંબર બંધ કરી દીધા હતા. જે અંગે ફરિયાદ આપતા પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વૃદ્ધના ગળે ચપ્પુ મૂકી લૂંટી લેવાયો

### શાકીબ ઝરીવાલા સામે વધુ એક ફરિયાદ

સુરતઃ લાલગેટ વિસ્તારમાં રહેતા અને અગાઉ પણ વિવાદોમાં રહી ચૂકેલા મુનાફ ઝરીવાલાના પુત્ર શાકિબ ઝરીવાલાએ એક વૃદ્ધના ગળા પર ચપ્પુ મૂકી લૂંટ ચલાવી હોવાની ઘટના સામે આવી છે. સલાબતપુરાના બેગમપુરા વિસ્તારમાં રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધ મોહમ્મદ હનીફ મન્સૂરી, જેઓ સિલાઈ કામ કરી ગુજરાન ચલાવે છે, તેમણે શાકિબ મુનાફ ઝરીવાલા (રહે., કોહિનૂર એપાર્ટમેન્ટ, લાલગેટ) પાસેથી એક ફ્લેટની ખરીદી કરી હતી. ફ્લેટના તમામ નાણાં ચૂકવી દીધા હોવા છતાં શાકિબ કબજો સોંપવામાં આનાકાની કરી રહ્યો હતો. ગતરોજ જ્યારે વૃદ્ધ નાણાવટ પાસે ગૌરાંગ એપાર્ટમેન્ટ નજીક શાકિબને મળવા પહોંચ્યા ત્યારે આરોપી શાકિબ ઉશ્કેરાઈ ગયો હતો અને ગેરકાયદે રીતે વધુ ૩૫,૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી. વૃદ્ધે નાણાં આપવાની અસમર્થતા દર્શાવતા શાકિબે ખિસ્સામાંથી તીક્ષ્ણ ચપ્પુ કાઢી વૃદ્ધના ગળા પર મૂકી દીધું હતું. 'જો જીવતો રહેવો હોય તો અત્યારે જે હોય તે આપી દે' તેમ કહી ડરાવી-ધમકાવી વૃદ્ધ પાસે રહેલા રોકડા ૩૦૦૦ રૂપિયા પચાવી પાડ્યા હતા. લાલગેટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રાંદેરમાં પણ તેની સામે ફરિયાદ નોંધાઈ ચૂકી છે.

# ઘરકંકાસમાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

### જાહેર રસ્તામાં જ પત્નીના વાળ પકડી માર મારી હત્યા કરી હતી

સુરતઃ ઘરકંકાસમા પત્નીને મારમારી હત્યા કરનાર આરોપી પતિને વિશેષ ન્યાયાધીશ (રેપ કેસીસ) અને ૭મા અધિક સત્ર ન્યાયાધીશ હર્ષદ શામરાવ ખુટવડએ આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસની હકીકત મુજબ લિંબાયત ગોડાદરા ગણેશનગરમાં રહેતા મૂળ બિહારનાં શ્રમજીવી શરમશિવહરીસીંહ સીતારામસીંહ યાદવ અને પત્ની રુમીદેવી વચ્ચે તા.૧૪-૦૫-૨૦૨૦ના રોજ દેવધ ગામ પાસે ઝઘડો થયો હતો જેમાં પતિએ ગુસ્સામાં આવી જઈ પત્નીનાં વાળ પકડી મારમારી હત્યા કરી હતી. આ ઘટનામાં આરોપી પતિ આ કેસમાં લિંબાયત પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની સુનાવણી કોર્ટમાં ચાલતાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી પતિને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

# પુણામાં પાડોશી નરાધમે પટ્ટાથી ફટકારી યુવતીને પીંખી નાખી

### બીભત્સ ફોટા-વિડીયોના આધારે બ્લેકમેઈલ કરી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું

સુરત : વરાછાની હરિધામ સોસાયટીમાં રહેતો અને લેસપટ્ટીનું કામ કરતો લાલજી જગાભાઈ જીંજાળા અગાઉ પુણામાં રહેતો હતો. તે સમયે તેની જ સોસાયટીમાં રહેતી ૨૩ વર્ષીય યુવતી સાથે તેણે મિત્રતા કેળવી હતી. હું તને પસંદ કરું છું અને તારી સાથે લગ્ન કરવા માંગુ છું તેમ કહી તેને પ્રેમજાળમાં ફસાવી હતી. એક દિવસ યુવતી ઘરે એકલી હતી ત્યારે તેણે અડપલાં કરી તેના બિભત્સ ફોટા મોબાઈલમાં કેદ કરી લીધા હતા. ફોટા વાયરલ કરવાની ધમકી આપી યુવતીને પોતાની માસીના ઘરે બોલાવી હતી. યુવતીને પટ્ટા વડે નિર્દયતાથી ફટકારી હતી અને ત્યારબાદ તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. આ કરતૂત દરમિયાન તેણે છૂપી રીતે વિડીયો પણ ઉતારી લીધો હતો. આ વિડીયોના આધારે તે અવારનવાર યુવતીને બ્લેકમેઈલ કરી હવસનો શિકાર બનાવતો રહ્યો હતો. ગત ૨૭ માર્ચ ૨૦૨૬ના રોજ બપોરે લાલજી ફરી યુવતીના ઘરના ટેરેસ પર પહોંચી ગયો હતો. જો તું મારી સાથે લગ્ન નહીં કરે તો હું દવા પીને મરી જઈશ અને તને ફસાવી દઈશ તેવી ધમકી આપી માર માર્યો હતો. આખરે યુવતીએ ફરિયાદ આપતા પુણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૫-૨૬**

બોર્ડ ખાતાના માન્ય યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક પેટા-વિભાગ, ગુ.પા.પુ.અને ગટર વ્ય. બોર્ડ, વલસાડ ફોન નં ૯૯૭૮૪૦૭૧૦૫ દ્વારા વલસાડ જીલ્લાની વલસાડ પેરીફેરી જુથ પા.પુ.યોજના અંતર્ગતના મુખ્ય હેડવર્ક્સ ખાતે હયાત ૫૦ હો.પા એચ.એસ.સી.એફ પંપ ડીસ્મેન્ટલ કરી નગરપાલિકાના પંપરૂમ ખાતે બેસાડી કાર્યન્વિત કરવાની કામગીરી તથા ટીમ્ભી નદી ઈંટેકવેલ ખાતે ડીપાર્ટમેન્ટલી ઉતારેલ ૫૦ હો.પાના એસ.સી.એફ પંપ રીપેર કરી ફરીથી બેસાડી કાર્યન્વિત કરવાની કામગીરીની અંદાજીત રકમ રૂા. ૪૯૪,૪૧૯.૦૦ માટે ટેન્ડર માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૧૩/૦૪/૨૬ ૧૮.૦૦ કલાક રહેશે વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપરથી મળશે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટરવ્ય. બોર્ડ નો ટોલફ્રી હેલ્પલાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

નાયક કાર્યપાલક ઈજનેર
નં.માહિતી/વલસાડ/૦૫/૨૦૨૬ જાહેર આરોગ્ય યાંત્રિક પેટા વિભાગ વલસાડ

**iNDEXTb**
INDUSTRIAL EXTENSION BUREAU
**Expression of Interest**
**Vibrant Gujarat Regional Exhibitions/Trade Shows.**

Eols are invited for Organizing and Managing Vibrant Gujarat Regional Exhibitions/Trade Show as a part of Vibrant Gujarat Regional Conferences. Document can be obtained from website www.indextb.com and https://tender.nprocure.com from 01.04.2026. Last date of submission is 08.04.2026 up to 1600 Hrs. Interested agencies are requested to visit the website for any further communication. Pre-Meeting is scheduled on 06.04.2026 at 1200 Hrs. at Industrial Extension Bureau, Block No. 18, 2nd Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar 382010.

**ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર**
**જાહેર નિવિદા નં - ૪૯ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનના ૦૨ કામ અને ખાસ મારામત એક કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૮.૪૭ થી ૧૯.૫૩ લાખની વચ્ચેની છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૫/૦૪/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.

માહિતી/નર્મદા/૦૨/૨૦૨૬-૨૭

**ટુંકી મુદતની નિવિદા નં. ૨ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રી વતી સુરત ( મા.મ.) પેટા વિભાગ-૪, સુરત ના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, રેસ્ટ હાઉસ કંમ્પાઉન્ડ વલથાણ, દ્વારા સુરત પેટા વિભાગ-૪ હસ્તકના અપકિપિંગ સર્વિસ ફોર વલથાણ રેસ્ટ હાઉસ (૨ માસ) તથા અપકિપિંગ સર્વિસ ફોર પલસાણા રેસ્ટ હાઉસ (૨ માસ) માટે જેની અંદાજી ટેન્ડર કિંમત રૂ. ૫.૦૦ લાખ સુધીની છે. જે કામ માટે અનુભવી સરકાર માન્ય રોડ અને મકાન કન્સલ્ટન્સીના ઈજારદારો પાસેથી ભાવપત્રકો માંગવામાં આવે છે. કોરા ભાવપત્રક આપવાની છેલ્લી તા. ૦૯-૦૪-૨૦૨૬ નાં સાંજે ૧૬:૦૦ કલાક સુધીમાં આપવામાં આવશે. જે ભાવપત્રક સ્પીડપોસ્ટ/ રજી.પો.એડી.થી બાનાની રકમના ડી.ડી / એફ.ડી.આર. સાથે પરત મેળવવાની છેલ્લી તા.૧૫-૦૪-૨૦૨૬ ના સાંજે ૧૬:૦૦ કલાક સુધીની છે. ભરેલ ભાવપત્રકો શક્ય હશે તો બીજા ઓફિસ દિવસે ૧૨:૦૦ કલાકે હાજર રહેલ આસામીઓની સમક્ષ ખોલવામાં આવશે. બાનાની રકમ, પ્રમાણપત્રો વિનાના શરતી તથા સમય વિત્યા બાદ મળેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. સૌથી નીચા ભાવપત્રકો કે મળેલ બધા જ ભાવપત્રકો સ્વિકારવા કે કેમ તે અંગેના તમામ હક્ક નીચે સહી કરનારને અબાધિત રહેશે અને તે માટે કોઇ કારણ આપવામાં આવશે નહી. આ કામની વિગતવાર નોટીસ કચેરીનાં બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીશ અંગેની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયનાં દિવસોમાં રસ ધરાવતા ઇજારદારે રૂબરૂ સંપર્ક સાંધવા વિનંતી

નાયબ કાર્યપાલક ઇજનેર
સુરત(મા.અને મ.) પેટા વિભાગ-૪
ક્રમાંકઃમાહિતી-સૂરત/૯/૨૦૨૬ સુરત

**જાહેર નિવિદા નં- ૦૧ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય**

ગુજરાત રાજ્યના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.X મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન- (૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા જુદા જુદા પેટા વિભાગ ના જંગલ કટીંગ/નાળા પુલો સફાઈ કુલ ૦૯ કામો જેની અંદાજીત રકમ ૬.૬૯ લાખ થી ૨૦.૨૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender. nprocure. com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૧૭-૦૪-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સત્તા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

નં. માહિતી/વલસાડ/૦૧/૨૦૨૬

**નિવિદાનં - ૫૨ સને ૨૦૨૫-૨૬**
**જિલ્લા પંચાયત (મા.મ) વિભાગ વલસાડ**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મામ) વિભાગ- વલસાડ ફોન નં(૦૨૬૩૨- ૨૫૩૬૯૪) ની કચેરીએથી જિલ્લા પંચાયત હસ્તકની વિવિધ યોજના હેઠળ પ્રપોઝલ ફોર પ્રોજેક્ટ મેનેજમેન્ટ, અને સાથે કન્સલટન્સી સર્વિસ, તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો માટે સુપરવિઝન સર્વિસ કામો માટે ગુજરાત રાજ્યનાં જાહેર બાંધકામ ખાતામાં અન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઈ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

વધુમાં ઈજારદારશ્રીએ જી.એસ.ટી.દરોને ધ્યાનમાં લઈને ભાવો ભરવાના રહેશે. ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તાઃ-૧૫/૦૪/૨૦૨૬

કાર્યપાલ ઈજનેર
નં.માહિતી/વલસાડ/૦૮/૨૦૨૬ પંચાયત (મા.મ) વિભાગ વલસાડ

**જાહેર નિવિદા નં- ૦૨ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.Xમ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન- (૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા જુદા જુદા પેટા વિભાગ ના મકાનોના કુલ ૦૮ કામો જેની અંદાજીત રકમ ૧૪.૯૮ લાખ થી ૨૦.૨૯ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https:// www. tender. nprocure. com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ. ૧૭-૦૪-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

નં. માહિતી/વલસાડ/૦૩/૨૦૨૬

!!જળ એ જીવન!!
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**ઇ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૧ સને ૨૦૨૬-૨૭**
(સંપર્ક નં.૯૬૩૮૬૫૩૪૩૬)

| ભરવાની શરૂઆત | ભરવાની છેલ્લી તારીખ | ટેન્ડર ફિઝીકલ ડોક્યુમેંટ મોકલવાની તારીખ |
|---|---|---|
| તા. ૦૨/૦૪/૨૦૨૬ | તા. ૧૬/૦૪/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી | તા.૨૦/૦૪/૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી |

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દ્વારા ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી આઇ.ડી. નં. ૨૯૧૭૯૪, ૨૯૧૭૯૮, ૨૯૧૮૦૦, ૨૯૧૮૦૩, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આહવા દ્વારા માન્ય કેટેગરીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસેથી જી.ડાંગ માટે જુદી-જુદી પાણી પુરવઠા યોજના માટે કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુ.પા.પુ.ગ. અને ગ.વ્ય.બોર્ડ, જલભવન, સાપુતારા રોડ, આહવાની કચેરી દ્વારા સિવિલ કામો ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેવટની તા.૨૦/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી નિવિદા વિગતવાર વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર ફિઝીકલ ડોક્યુમેંટ આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટ/કુરીયર થી સ્વીકારવામાં આવશે. (ટેન્ડર ફી ડિમાંડ ડ્રાફ્ટ દ્વારા સ્વીકારવામાં આવશે.) તમામ કામોની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેંટ/સુધારા કે કોઈપણ ફેરફાર ફક્ત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ નો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૦૩/૨૦૨૬

**ગુજરાત સરકાર**
**નર્મદા, જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઇ-ટેન્ડર નોટીસ નં-૦૧ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજયનાં રાજયપાલશ્રી વતી, કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ નં.-૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ,રાજપીપલા-૩૯૩૧૪૯ ફોનનં.૦૨૬૧-૨૨૨૮૯૯/૨૨૦૧૩૪ ની કચેરીએથી તેમના તાબા હેઠળના ધોલી સિંચાઇ પેટા વિભાગ,રાજપારડી હસ્તકના નીચે જણાવેલ કામ માટે ઓનલાઇન (ઇ-ટેન્ડરીંગ) પદ્ધતિ થી ગુજરાત રાજયના માર્ગ અને મકાન તથા જળસંપતિ વિભાગ હેઠળ 'એ' વર્ગ અને તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય રજીસ્ટાર્ડ કોન્ટ્રાકટરો પાસેથી SBD ફોર્મના નિયત નમુનામાં ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| અ. નં | કામનું નામ | કામની અંદાજિત રકમ રૂા. લાખમાં | ટેન્ડર ફી / બાનાની રકમ | કોન્ટ્રાકટર શ્રેણી |
|---|---|---|---|---|
| (૧) | રબલ પિચિંગ રિસ્ટોરેશન વર્ક ઓફ બલદેવા ઈરીગેશન સ્કીમ | ૩,૧૦,૭૩,૭૯૨.૯૫/- | ૬૦૦૦/- ૩,૧૧,૦૦૦/- | "એ" વર્ગ અને તેની ઉપરની શ્રેણી |
| (૨) | ટેન્ડર ડાઉનલોડ તેમજ બીડ સબમીશન શરૂ થવા તારીખ અને સમય | તા. ૦૬-૦૪-૨૦૨૬, ૦૦.૦૦ કલાક સુધી | | |
| (૩) | ઓનલાઈન બીડ ભરવાની અંતિમ તારીખ અને સમય | તા. ૦૫-૦૫-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૪) | ફિઝીકલ ડોક્યુમેન્ટ વિભાગીય કચેરીમાં સાદર કરવાની છેલ્લી તારીખ | તા. ૧૨-૦૫-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૫) | સંપર્ક સાધવાની કચેરીનું સરનામું | કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના વિભાગ નં. ૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા- ૩૯૩૧૪૫ ફોન નં. ૦૨૬૪૦-૨૨૨૮૯૯ / ૨૨૦૧૩૪ | | |

રાજય સરકારની માહિતી ખાતાની વેબ સાઇટwww.nprocure.com અને www.statetenders.com ઉપર જોવા મળી શકશે.

આ કામઓની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે,અથવા આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે.

માહિતી/નર્મદા/૦૫/૨૦૨૬-૨૭

**ઓનલાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય**
**ટેન્ડર નોટિસ નં.૦૧ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, તાપી (મા. × ૫.) વિભાગ, વ્યારા ,જિલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, બીજો માળ, પાનવાડી, વ્યારા, જિ.તાપી ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૧૯ તરફથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ બે કવર (ટેકનીકલ અને પ્રાઈસ બીડ) ફોર્મ બી-૧ /એસ.બી.ડી. પદ્ધતિથી ગુજરાત રાજયમાં અથવા અન્ય રાજયમાં અથવા સી.પી.ડબલ્યુ.ડી.માં નોંધાયેલ નીચે જણાવેલ વર્ગમાં અથવા સમકક્ષ નોંધાયેલ ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત | બાનાની રકમ | ટેન્ડર ફી | લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | રીકન્સ્ટ્રકશન ઓફ હાઈ લેવલ મેજર બ્રીજ ઓન પુર્ણા રીવર ઓફ બુહારી અંધાત્રી કલકવા ડુગરી કરચેલીયા રોડ, કિ.મી.૦/૦ થી ૧૦/૦૦ (એમ.ડી.માર,), જિ.તાપી | ૧૩,૩૮,૧૦,૬૯૦.૧૪ | ૧૩,૩૯,૦૦૦/- | ૧૮૦૦૦/- | ''એએ'' કલાસ અને સ્પે.કેટ.I(બ્રીજ) અને ઉપરના |

ટેન્ડરના દસ્તાવેજો તા.૨૯/૦૪/૨૦૨૬ દરમ્યાન ૧૮,૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.In પર જોવા મળશે અને ટેન્ડર દસ્તાવેજ ઓનલાઈન સબમીશનની તા.૨૯/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી છે.

ટેન્ડરના તા.૩૦/૦૪/૨૦૨૬નાં રોજ અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા×મ) વર્તુળ, સુરતની ચેમ્બરમાં બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે.

ટેન્ડરની પ્રી-બીડ કોન્ફોરન્સ તા.૨૧/૦૪/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ કલાક પછી અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા × ૫) વર્તુળ, સુરતની કચેરીમાં રાખવામાં આવેલ છે.

ટેન્ડર ફીનાં ડીમાન્ડ ડ્રાફ્ટ, બાના રકમ માટે એફ.ડી.આર. અથવા મુકિત પ્રમાણપત્ર, માન્ય નોંધાયેલ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, બેંક સોલવંશી (માન્ય) ભાગીદાર કરાર વિગેરે ઈલેકટ્રોનીક ફોર્મેટથી (સ્કેનીંગથી) રજુ કરવાનું રહે છે.

ટેન્ડર ફી તથા બાનાની રકમનો મુળ દસ્તાવેજ તા.૩૦/૦૪/૨૦૨૬ થી તા.૦૭/૦૫/૨૦૨૬ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રી, તાપી (મા. અને મ.) વિભાગ, વ્યારા ના સરનામે અને કવર ઉપર કામનું નામ જણાવી રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ થી પણ અવશ્ય મોકલવું.

ક્રમાંક.માહિતી-સૂરત/૭/૨૦૨૬